દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૭ જાન્યુઆરી, ૨૦૨૬

વેનેઝુએલના ઓઇલ ફિલ્ડો બાબતે અમેરિકા-ચીન વચ્ચે સંઘર્ષ સર્જાશે?

અમેરિકાએ વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને પકડવા માટેના ઓપરેશન બાદ દેશનો વહીવટ સંભાળવાની જાહેરાત કરતા, ચીને સોમવારે ડોનાલ્ડ ટ્રમ્પને વેનેઝુએલાના તેલથી દૂર રહેવા આગ્રહ કર્યો છે. આ સતત ત્રીજો દિવસ હતો કે જ્યારે ચીને વેનેઝુએલા પર અમેરિકાના હુમલા અંગે નિવેદન આપ્યું હોય. શનિવારે વહેલી સવારે હુમલો થયો ત્યારથી ચીન આ મામલે સતત નિવેદનો કરી રહ્યું છે અને અમેરિકાને વખોડી રહ્યું છે. અગાઉ તેણે અમેરિકાના હુમલાને આંતરરાષ્ટ્રીય ધોરણોનો ભંગ ગણાવ્યો હતો પરંતુ ઓઇલ અંગે કોઇ ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ છેવટે સોમવારે તેણે ક્રૂડ ઓઇલનો ઉલ્લેખ કરી નાખ્યો છે. વેનેઝુએલાના ઓઇલ ફિલ્ડોમાં ચીનનું મોટું રોકાણ છે અને તેથી સ્વાભાવિક જ વેનેઝુએલના ઓઇલ ક્ષેત્રનું હાલ અમેરિકા સંચાલન કરશે એવા પ્રમુખ ટ્રમ્પે કરેલા ઉચ્ચારણથી તે અકળાયું લાગે છે.

ચીન દ્વારા આ અપીલ ત્યારે કરવામાં આવી છે જ્યારે પકડાયેલા વેનેઝુએલાના નેતાને 'નાર્કો-ટેરરિઝમ' ના આરોપો હેઠળ સોમવારે સવારે ન્યૂયોર્કની કોર્ટમાં લઇ જવામાં આવ્યા હતા. અમેરિકી પ્રમુખે હુમલા પછી થોડા જ સમયમાં ખુલાસો કર્યો હતો કે અમેરિકન તેલ કંપનીઓ ત્યાં 'જશે અને આ સિસ્ટમનું પુનઃનિર્માણ કરશે'. તેમણે વેનેઝુએલાના વિશાળ અને મોટાભાગે વણવપરાયેલા તેલના ભંડારો પર નિયંત્રણ મેળવવાની યોજનાનો સંકેત આપ્યો હતો. વેનેઝુએલાના સાથી એવા ચીને સપ્તાહના અંત દરમિયાન થયેલા આ ઓપરેશનની સખત નિંદા કરી હતી અને માદુરો તથા તેમની પત્ની સિલિયા ફ્લોરેસને તરત જ મુક્ત કરવાની માંગ કરી હતી, અને ત્યારબાદ અમેરિકાને વેનેઝુએલાના તેલથી દૂર રહેવા કહ્યું છે. રશિયાએ પણ તેના સાથી માદુરોને મુક્ત કરવાની માંગ કરી છે. યુએન સુરક્ષા પરિષદમાં રશિયાના દૂત વાસિલી નેબેન્ઝ્યાએ જણાવ્યું હતું કે કારાકાસમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલા ગુનાઓ માટે કોઇ પણ વાજબી કારણ નથી. ચીન અને રશિયા બંને વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોના ટેકેદાર રહ્યા છે.

વેનેઝુએલા પર અમેરિકાના હુમલા બાદ ચીન વૈશ્વિક પ્રભાવ વધારવાની નવી તકો શોધી રહ્યું હોવા છતાં, બેઇજિંગની તાત્કાલિક પ્રાથમિકતા તેના આર્થિક હિતોની રક્ષા કરવાની છે, તેમ વિશ્લેષકો કહે છે. શનિવારે રાત્રે થયેલા સૈન્ય હુમલા પર ચીને તાત્કાલિક પ્રતિક્રિયા આપી હતી અને આઘાત તથા નિંદા વ્યક્ત કરી હતી. ત્યારબાદ બેઇજિંગે અમેરિકાને હાંકી કઢાયેલા વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને મુક્ત કરવા હાકલ કરી હતી, અને વોશિંગ્ટનને વાતચીત દ્વારા કટોકટીનો ઉકેલ લાવવા વિનંતી કરી હતી. ત્યારબાદ ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાન સોમવારે એક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે ચીન વેનેઝુએલાની સરકાર સાથે સકારાત્મક સંવાદ અને સહયોગ જાળવી રહ્યું છે અને તેલની નિકાસ સહિતના ક્ષેત્રોમાં સહયોગ વધારવાની તેની ઈચ્છા યથાવત રહેશે, પછી ભલે પરિસ્થિતિ ગમે તે રીતે બદલાય. તેમણે ઉમેર્યું હતું કે વેનેઝુએલામાં ચીની હિતોને કાયદા હેઠળ સુરક્ષિત કરવામાં આવશે. બેઇજિંગ સ્થિત થિંક ટેન્ક 'સેન્ટર ફોર ચાઇના એન્ડ ગ્લોબલાઇઝેશન'ના રિસર્ચ ફેલો ઝિચેન વાંગે જણાવ્યું હતું કે, વેનેઝુએલા પર અમેરિકાનો હુમલો ચીનને વિશ્વમાં "સ્થિરતા માટેના બળ" તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરવામાં મદદ કરે છે. પરંતુ વાંગે જણાવ્યું હતું કે આ પરિસ્થિતિ બેઇજિંગ માટે ચિંતા જગાવે છે કારણ કે વેનેઝુએલામાં ચીનનું મોટું રોકાણ જોડાયેલું છે. તેમણે કહ્યું, ભવિષ્યમાં આ બાબત કેવી રીતે આગળ વધે છે તે પણ ખૂબ જ ચિંતાજનક છે, કારણ કે ચીનના ત્યાં ઘણા વ્યાવસાયિક હિતો છે, તેમણે વધુમાં ઉમેર્યું કે આ અનિશ્ચિતતાની અસર સમગ્ર લેટિન અમેરિકા અને તે બહારના ચીની વ્યવસાયો પર પણ પડી શકે છે. બેઇજિંગે છેલ્લા બે દાયકામાં લેટિન અમેરિકામાં નોંધપાત્ર પગપેસારો કર્યો છે. અમેરિકા સ્થિત રિસર્ચ ફર્મ રોડિયમ ગ્રુપ દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા અનુસાર, ચીની કંપનીઓએ, જેમાંથી મોટાભાગની સરકારી માલિકીની છે, છેલ્લા બે દાયકામાં વેનેઝુએલામાં 4.8 અબજ ડોલરનું રોકાણ કર્યું છે. મોટાભાગના સોદા વૈશ્વિક નાણાકીય કટોકટી પછીના દાયકામાં – અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝના શાસનના અંતિમ વર્ષો દરમિયાન – ઉર્જા પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને થયા હતા. સરકાર સંચાલિત ઓઇલ જાયન્ટ 'ચાઇના નેશનલ પેટ્રોલિયમ કોર્પોરેશન' તેના વેનેઝુએલાના સમકક્ષ 'પેટ્રોલિયોસ ડી વેનેઝુએલા' સાથે સંયુક્ત સાહસ ધરાવે છે. ઓગસ્ટમાં ખાનગી માલિકીની 'ચાઇના કોનકોર્ડ રિસોર્સિસ કોર્પોરેશન' એ વેનેઝુએલાના પ્રોજેક્ટમાં 1 અબજ ડોલરથી વધુ રોકાણ કરવાની યોજના જાહેર કરી હતી, જેનો લક્ષ્યાંક 2026 ના અંત સુધીમાં દરરોજ 60,000 બેરલ ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરવાનો છે. રેનમિન યુનિવર્સિટી ઓફ ચાઇનાના વરિષ્ઠ સંશોધક ડોંગ શાઓપેંગે જણાવ્યું હતું કે, ચીની નાગરિકો અને ચીની કંપનીઓની સુરક્ષા બેઇજિંગની ટોચની પ્રાથમિકતા છે. આથી જો અમેરિકા વેનેઝુએલાના ઓઇલ ફિલ્ડો પર કબજો જમાવવાનો પ્રયાસ કરે તો તેનાથી ચીન સાથે તેને સંઘર્ષ ઉભો થઇ શકે છે.

ભમરાનો સંગાથ

એક ભમરો બગીચામાં ઊડાઊડ કરે, જુદાં જુદાં રંગબેરંગી ફૂલો પર ઊડે, ફૂલોનો રસ ચૂસે, ફૂલોની સુગંધ માણે અને ભ્રમર ગુંજન કરતાં કરતાં ચારે બાજુ ઊડતો રહે. બગીચાની બાજુમાં એક ગંદુ નાળું વહેતું હતું. તે નાળામાં એક કીડો રહે.

એક દિવસ ભમરાની નજર એ કીડા ઉપર પડી. નાળાનાં ગંધાતાં પાણીમાં એ કીડો રહેતો હતો. ભમરાએ તેને કહ્યું, ''તને આટલા ગંદા પાણીમાં કેમ રહેવું ફાવે છે?'' કીડાએ કહ્યું, ''દોસ્ત, આ મારું ઘર છે. હું તો અહીં જ રહું છું.'' ભમરો હસ્યો અને કહ્યું, '' તેં મને દોસ્ત કહ્યો ને તો કાલે તૈયાર રહેજે. હું તને સ્વર્ગની સફર કરાવીશ.''

બીજે દિવસે ભમરો આવ્યો અને કીડાને પોતાના ખભા પર બેસી જવા કહ્યું અને કીડાને લઇ ઊડ્યો. આખા બગીચાની સફર કરાવી. ગંદા નાળાનો કીડો સુગંધી વાતાવરણ રંગબેરંગી ફૂલો જોઇને ખુશ ખુશ થઇ ગયો. તેણે ભમરાને કહ્યું, '' મને આજે આખો દિવસ અહીં જ રહેવા દે.'' ભમરાએ કહ્યું, ''ઠીક છે, ક્યાં રહેવું છે?'' કીડાએ એક સુંદર મજાનું ફૂલ પસંદ કરીને કહ્યું, '' મને અહીં મૂકી દે. સાંજના લઇ જજે.'' કીડાને તે ફૂલ પાસે મૂકીને ભમરો તો આખા બગીચામાં ફરીને ફૂલોનાં રસ ચૂસવા લાગ્યો. કીડાને તો બગીચામાં સાચે જ સ્વર્ગ જેવું લાગતું હતું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આખો દિવસ વીતી ગયો. ભમરો ઊડાઊડ કરતો કરતો ક્યાંય દૂર નીકળી ગયો અને કીડાને પાછો લઇ જતાં ભૂલી ગયો. કીડો જે ફૂલમાં હતો એ ફૂલ સૂર્યાસ્ત થતાં બિડાઇ ગયું અને કીડો ફૂલની અંદર જ રહી ગયો. બીજે દિવસે સવારે માળી આવ્યો, માળીએ ભગવાનની માળા બનાવવા માટે ફૂલ ચૂંટવાની શરૂઆત કરી અને જોગાનુજોગ કીડો જે ફૂલમાં હતો એ ફૂલ પણ માળીએ ચૂંટી લીધું. એ ફૂલ માળામાં ગૂંથાયું. એ માળા બિહારીજીના કંઠમાં પહેરાવવામાં આવી.

નાળામાં રહેતો કીડો, મંદિરમાં રહેતા ભગવાનની ગ્રીવા સુધી પહોંચી ગયો અને આખો દિવસ ભગવાનના સાન્નિધ્યમાં રહ્યો. બીજે દિવસે કરમાયેલા નિર્માલ્ય ફૂલોને યમુના નદીમાં વહાવી દેવામાં આવ્યા. કીડો પણ સાથે યમુના નદીમાં વહેવા લાગ્યો.

કીડાએ વિચાર્યું, '' હું નાળામાં રહેતો ગંદો કીડો, ભમરા જેવા દેવદૂત દોસ્તની મદદથી ફૂલ સુધી પહોંચ્યો, જન્નતની મજા માણી, ફૂલની સંગાથે રહીને ભગવાનની ગરદન સુધી પહોંચી ગયો, પ્રભુને પામ્યો અને યમુનામાં પ્રવાહિત થઇને પવિત્ર થઇ ગયો.''

મિત્રો, આપણા બધાના જીવનમાં પણ આ ભમરા જેવું કોઇક ક્યારેક ને ક્યારેક આવે જ છે. ઈશ્વર તેને મોકલે છે. તેના સાથને પામજો, તેની સંગાથે રહેજો, તેની સૂચના પ્રમાણે ચાલજો અને દેવદૂત સમા સાથીનો હાથ ઝાલીને જીવન પાર કરી લેજો.

ગુજરાતના મધ્ય ભાગે રણ સરોવર નવું પ્રાકૃતિક પ્રવાસન બનશે

અવારનવાર

ડો.નાનક ભટ્ટ

ગુજરાતના પશ્ચિમ મધ્ય ભાગે કચ્છનું નાનું રણ ૧૨ લાખ એકરમાં ફેલાયેલ છે. રાજકોટ, મોરબી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરહદો વચ્ચે પથરાયેલ ખારી જમીનમાં સરસ્વતી, બનાસ, કંકાવટી,મચ્છુ, બ્રહ્માણી અને રૂપેણ નદી ઉપરાંત ૧૧૦ વોંકળાઓનું દરિયામાં વહી જનાર પાણી છેલ્લો મુકામ કરે છે. ૨૦૦ કિલોમીટરની ઝડપે વાહન ચાલી શકે તેવા સપાટ મેદાનમાં ૭૫થી વધુ નાના-મોટા દ્વીપ રહેલા છે. બાકી ખારી મીઠી સખત માટીમાં ગાંડા બાવળનું સામ્રાજ્ય વ્યાપેલ છે.

લાખો વર્ષ પહેલાં આપણે જેને સૌરાષ્ટ્ર તરીકે જાણીએ છીએ તે ટાપુ વેસ્ટન સ્લાઈડીંગના લીધે દક્ષિણ આફ્રિકાથી છૂટો પડ્યો અને ગુજરાતની પૂર્વ પટ્ટી, સાથે જોડાતા દરિયાની સાંકડી પટ્ટી તૈયાર થઇ અને કાળક્રમે તેમાં દરિયાનો કાંપ ફસાતાં આજે કચ્છનું નાનું રણ જોવા મળે છે. ચત્તી રકાબી જેવા પ્રદેશમાં મે-જૂનથી ઓક્ટોબર-નવેમ્બર સુધી વરસાદી પાણી રહે છે. આથી ઘાસ અને પાણીના ક્ષાર આધારિત જીવન વિકસે છે અને બાકીના ૫-૭ માસ સૂકી ભો જોવા મળે છે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈની સમજ અને રાજકીય ઈચ્છાશક્તિવશાત્ કચ્છનાં મોટાં રણમાં 'રણોત્સવ' નામે પ્રવાસન સફળ રીતે વિકસ્યો છે ત્યારે હવે કચ્છનાં નાનાં રણની ભૌગોલિકતાને સમજી પ્રવાસન તરીકે રણ સરોવર વિકસાવવાની સંભાવના સ્પષ્ટ થાય છે.

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર અને ભુજથી ૧૫૬ કિલોમીટરનાં અંતરે રહેલ નાનાં રણનો વિસ્તાર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે આકર્ષક પ્રવાસન ક્ષેત્ર છે. અગરીયા, પઢારો, માછીમારો, જત અને રબારી સંસ્કૃતિની પરંપરા આકર્ષણ કેન્દ્ર બની શકે તેમ છે.

મધ્ય અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ રાજસ્થાનમાં ૮-૧૦ ઈંચ વરસાદ પડતાં જ કચ્છનાં નાનાં રણમાં મીઠા પાણીની આવક થવા લાગે છે. રણની કાંપવાળી ચિકણી માટી એકત્ર પાણીને જમીનમાં શોષાવા દેતું નથી. પરિણામે વરસાદી સીઝનમાં ૨૫૦૦થી ૩૦૦૦ કરોડ લીટર પાણી પ્રાકૃતિક રીતે જમા થઇ જાય છે. ખારાં-મીઠાં પાણીનાં કુદરતી તળાવના સર્જન સાથે લાખોની સંખ્યા ફ્લેમિંગો અને બીજાં માઈગ્રન્ટસ પક્ષીઓ પોતાની બ્રિડીંગ કૉલોની વિકસાવવા પણ આવી જાય છે. જે દર્શનીય બને છે. સાથોસાથ ૮૦૦૦થી વધુ અગરીયા પરિવાર પારંપારિક ઢબે મીઠું પકવવા ડેરા નાખે છે. દેશની કુલ જરૂરિયાતના ૨૧% એટલે કે લગભગ ૨૮ લાખ-ટન મીઠાનું ઉત્પાદન કરી રોજી-રોટી મેળવે છે. ત્રણેક પ્રજાતિમાં ઘુડખર (ગધેડા-પ્રકારનું પ્રાણી) સરોવરના ભેજથી વિકસતા ઘાસનાં મેદાનોમાં વર્ષોથી રહે છે. ૫૦૦૦થી વધુ સંખ્યામાં ઘુડખર એશિયાની વાઈલ્ડ સેન્ચ્યુરીમાનુ એક રમણીય ક્ષેત્ર બન્યું છે. ચોમાસામાં ઘુડખર આસપાસના ટાપુઓ ઉપર પ્રજનન માટે પહોચી વન્ય વિસ્તરણ કરતા રહે છે, જે પ્રવાસન માટે વધુ એક આકર્ષક બને છે.

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર અને ભુજથી ૧૫૬ કિલોમીટરનાં અંતરે રહેલ નાનાં રણનો વિસ્તાર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે આકર્ષક પ્રવાસન ક્ષેત્ર છે. અગરીયા, પઢારો, માછીમારો, જત અને રબારી સંસ્કૃતિની પરંપરા આકર્ષણ કેન્દ્ર બની શકે તેમ છે

જો કે કચ્છ અને ગુજરાતને જોડતા સૂરજબારીના પુલ નીચેથી પસાર થતી હડકિયા ખાડીમાંથી આવતું અરબીસમુદ્રનું ખારું પાણી મીઠાં પાણીનાં સરોવરનું આયુષ્ય ઘટાડે છે, પરંતુ સૂરજબારી પુલને બંધારામાં ફેરવી શકાય તો નાના રણના મધ્ય ભાગ સુધી પહોંચતી રૂપેણ, પુષ્પાવતી અને બનાસ નદીના છેવાડે નળ સરોવર પ્રકારે ત્રણ વિશાળ તળાવોનું સર્જન થઇ શકે. આથી કચ્છના નાના રણની પ્રાકૃતિક સ્થિતિ જાળવી રાખી ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આગળ વધતી ખારાશ રોકી શકાય. સવિશેષ ટીકર, નવા ઘાટીલા, જોગડ વિસ્તારમાં જમા થતું વરસાદી પાણી તળાવો તરફ ઢળી જતાં મીઠા અને મત્સ્ય ઉદ્યોગ સપ્ટેમ્બર-ઓક્ટોબરથી પુનઃકાર્યાન્વિત થશે. ૫૦,૦૦૦ થી વધુ અગરિયાઓની રોજી-રોટી જળવાઈ રહેશે. સ્થાનિક લોકોની વધતી આવક પ્રવાસનના માળખાગત વિકાસને ગતિ આપનાર બનશે. આઝાદી મળ્યા પછી પાંચ દાયકાઓ સુધી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પ્રજાએ દુષ્કાળ વેઠ્યા છે. વર્ષ ૧૯૯૨ સુધીના અકાળમાં તો ખાસ ટેંકર ટ્રેઈનથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને પાણી પૂરું પાડવું પડયું હતું. મનુષ્ય અને વન્ય જીવન માટે અનિવાર્ય વરસાદી પાણી કચ્છનાં નાનાં રણમાં સહજ રીતે એકઠું થાય છે ત્યારે ઈશ્વરના આશીર્વાદરૂપ ૯ લાખ કરોડ લીટર પાણીનો પ્રવાસન સાથે રચનાત્મક ઉપયોગ, સમજદારી અને સમયની માંગ બને છે. પાઈના ખર્ચમાં પર્વતનો લાભ મળે છે ત્યારે ગુજરાતની રાજકીય ઈચ્છાશક્તિ દ્વારા સરદાર સરોવર પછી એક નવા વિકાસ આયામ; મધ્ય ગુજરાતમાં સરોવરની સંભાવનાઓ તપાસવી રહી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અમેરિકાનું આ ડ્રગ્સ સામેનું યુદ્ધ છે કે તેલ માટે? ભારતને શું ફાયદો થશે?

ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે જે કર્યું છે તેને કોઈ પણ યોગ્ય ઠેરવી શકે નહીં. વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો તેલભંડાર છે, પરંતુ વૈશ્વિક પ્રોડક્શનના તેનો 1% કરતાં પણ ઓછો હિસ્સો છે. આ કારણે જ વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને હટાવવા અને જેલમાં ધકેલી દેવાને તેલ માટે અમેરિકન લશ્કરી શક્તિના મોટા પ્રદર્શન તરીકે જોવામાં આવે છે અને અમેરિકામાં ડ્રગ્સ પર કાર્યવાહી માટે નથી. તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ખુલ્લેઆમ ઉલ્લંઘન છે અને યુએન ચાર્ટરની પણ અવગણના છે. વેનેઝુએલા પર હુમલો ટ્રમ્પના અભિગમનું સ્વાભાવિક, હિંસક પરિણામ છે. માદુરો અને તેમની પત્નીને અમેરિકા લાવવામાં આવ્યાં છે, જ્યાં તેમના પર ન્યૂયોર્કમાં ડ્રગ્સનો આરોપ મૂકવામાં આવ્યો છે.

વેનેઝુએલાની અંદર હુમલાઓ માદુરો સરકાર સામે અમેરિકાના દબાણ અભિયાન પછી થયા છે, જેના પર ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકામાં ડ્રગ્સ અને ગેંગના સભ્યો મોકલવાનો આરોપ લગાવે છે. જો કે, વેનેઝુએલા પર અમેરિકાના હુમલાનું વાસ્તવિક કારણ તેલ છે. તેમાં કોઈ શંકા નથી.

અમેરિકન રાષ્ટ્રપતિ ઇચ્છે છે કે, અમેરિકન તેલ કંપનીઓ વેનેઝુએલામાં અબજો ડોલરનું રોકાણ કરે જેથી મોટા ભાગે બિનઉપયોગી સંસાધનનો ઉપયોગ કરી શકાય. તેમણે કહ્યું છે કે, અમેરિકન કંપનીઓ વેનેઝુએલાના ખરાબ રીતે તૂટી પડેલા તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારશે અને દેશ માટે પૈસા કમાવાનું શરૂ કરશે, પરંતુ નિષ્ણાતોએ ટ્રમ્પની યોજના સાથે ભારે પડકારોની ચેતવણી આપી છે. નિષ્ણાતોનું કહેવું છે કે, તેલ પ્રોડક્શનમાં અર્થપૂર્ણ સુધારો કરવા માટે અબજોનો ખર્ચ થશે અને એક દાયકા જેટલો સમય લાગી શકે છે. તો શું અમેરિકા ખરેખર વેનેઝુએલાના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવી શકે છે? અને શું ટ્રમ્પની યોજના કામ કરશે? અંદાજિત 303 અબજ બેરલ સાથે વેનેઝુએલા પાસે વિશ્વનો સૌથી મોટો સાબિત તેલ ભંડાર છે. પરંતુ આજે દેશ જેટલું તેલનું પ્રોડક્શન કરે છે તે તુલનાત્મક રીતે ખૂબ જ ઓછું છે.

2000ના દાયકાની શરૂઆતથી તેલ પ્રોડક્શનમાં તીવ્ર ઘટાડો થયો છે. કારણ કે, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝ અને પછી માદુરો વહીવટીતંત્રે રાજ્ય સંચાલિત તેલ કંપની પીડીવીએસએ પર નિયંત્રણ કડક બનાવી દીધું, જેના કારણે વધુ અનુભવી કર્મચારીઓનું પલાયન થયું. જો કે, યુએસ. કંપની શેવરોન સહિત કેટલીક પશ્ચિમી તેલ કંપનીઓ હજી પણ દેશમાં સક્રિય છે, પરંતુ તેનાં ઓપરેશનો ઘણાં ઓછાં થઈ ગયાં છે. કારણ કે, યુ.એસ.એ પ્રતિબંધો વિસ્તૃત કર્યા છે અને તેલ નિકાસને લક્ષ્ય બનાવ્યું છે, જેનો હેતુ માદુરોની મુખ્ય આર્થિક લાઇફલાઇન સુધી પહોંચને રોકવાનો છે.

માદુરોને પકડતાં પહેલાં અમેરિકાએ વેનેઝુએલાના દરિયાકાંઠેથી બે તેલ ટેન્કરો પણ જપ્ત કર્યાં હતાં, તેમજ દેશમાં પ્રવેશતાં અને બહાર જતાં મંજૂર ટેન્કરો પર નાકાબંધી કરવાનો આદેશ આપ્યો હતો. ટ્રમ્પની યોજનાનો લાભ લેવાની આશા રાખતી કંપનીઓએ વેનેઝુએલામાં માળખાગત સુવિધાઓમાં રોકાણ વધારવાની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં નવી સરકાર બનવાની સાથે તેની સાથે કરાર પર હસ્તાક્ષર કરવા પડશે. વિશ્લેષકોએ એવી ચેતવણી પણ આપી છે કે, વેનેઝુએલાના ભૂતપૂર્વ પ્રોડક્શનને પુનઃસ્થાપિત કરવામાં અબજો ડોલર અને 10 વર્ષ લાગશે. અમેરિકા એ વાતથી નારાજ હતું કે વેનેઝુએલા તે તેલ ચીની યુઆનમાં વેચી રહ્યું હતું. ડોલરમાં નહીં. 2018માં વેનેઝુએલાએ જાહેરાત કરી હતી કે, તે ખુદને ડોલરથી આઝાદ કરશે. તેઓએ તેલ માટે ડોલર સિવાય યુઆન, યુરો, રુબેલ્સ કંઈ પણ સ્વીકારવાનું શરૂ કર્યું. તેઓ બ્રિક્સમાં જોડાવા માટે અરજી કરી રહ્યા હતા. તેઓ ચીન સાથે સીધી ચુકવણી ચેનલો બનાવી રહ્યા હતા, જે સ્વિફ્ટને સંપૂર્ણપણે બાયપાસ કરતી હતી અને તેઓ પાસે દાયકાઓ સુધી ડી-ડોલરાઈઝેશનને ભંડોળ પૂરું પાડવા માટે પૂરતું તેલ હતું.

1974માં અમેરિકાએ સાઉદી અરેબિયા સાથે એક સોદો કર્યો હતો કે, વૈશ્વિક સ્તરે વેચાતા બધા તેલની કિંમત યુએસ ડોલરમાં નક્કી કરવામાં આવશે. બદલામાં અમેરિકા લશ્કરી રક્ષણ પૂરું પાડશે. આ એક જ કરારથી વિશ્વભરમાં ડોલરની કૃત્રિમ માંગ ઊભી થઈ. દરેક દેશને તેલ ખરીદવા માટે ડોલરની જરૂર પડે છે. તે લશ્કરને ભંડોળ પૂરું પાડે છે અને એવા નેતાઓ સાથે શું થાય છે જે તેને પડકારનાર છે, તેની એક પેટર્ન છે. ભલે તે સદ્દામ હુસૈન હોય, જેમણે જાહેરાત કરી હતી કે, ઈરાક ડોલરને બદલે યુરોમાં તેલ વેચશે, કે લિબિયન કર્નલ ગદ્દાફી, જેમણે તેલ વેપાર માટે 'ગોલ્ડ દિનાર' નામની સોના-સમર્થિત આફ્રિકન ચલણનો પ્રસ્તાવ મૂક્યો હતો, તેમને યુએસના ક્રોધનો સામનો કરવો પડ્યો અને તેમને પદ પરથી હટાવી દેવામાં આવ્યા. ભારત એક સમયે વેનેઝુએલાના ભારે ક્રુડ ઓઇલનું મુખ્ય પ્રોસેસર હતું, જે ટોચના સ્તરે દરરોજ 4,00,000 બેરલથી વધુ આયાત કરતું હતું, જ્યાં સુધી 2020માં યુએસ પ્રતિબંધો અને વધતા પાલન જોખમોને કારણે ખરીદી બંધ કરવાની ફરજ પડી હતી.

નિષ્ણાતોનું કહેવું છે કે, તેલ પ્રોડક્શનમાં અર્થપૂર્ણ સુધારો કરવા માટે અબજોનો ખર્ચ થશે અને એક દાયકા જેટલો સમય લાગી શકે છે. તો શું અમેરિકા ખરેખર વેનેઝુએલાના તેલ ભંડાર પર નિયંત્રણ મેળવી શકે છે? અને શું ટ્રમ્પની યોજના કામ કરશે?

ભારતની વિદેશી શાખા ઓએનજીસી વિદેશ લિમિટેડ (ઓવીએલ), પૂર્વી વેનેઝુએલામાં સાન ક્રિસ્ટોબલ તેલ ક્ષેત્રનું સંયુક્ત રીતે સંચાલન કરે છે. તેમ છતાં યુએસ પ્રતિબંધોને કારણે પ્રોડક્શનમાં ભારે ઘટાડો થયો છે, જેણે મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી, સાધનો અને સેવાઓ સુધીની પહોંચને અવરોધિત કરી છે, જેના કારણે વ્યાપારી રીતે વ્યવહાર્ય ભંડાર ફસાયેલા છે. વેનેઝુએલા 2014 સુધી આ ક્ષેત્રમાં તેના 40 ટકા હિસ્સા પર ઓવીએલને 536 મિલિયન ડોલરનું ડિવિડન્ડ ચૂકવવામાં નિષ્ફળ રહ્યું છે. તે પછીના સમયગાળા માટે પણ આટલી જ રકમ બાકી છે, જે દરમિયાન વેનેઝુએલાએ ઓડિટની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હતો, જેના કારણે ઓવીએલના દાવાઓનું સમાધાન અસરકારક રીતે સ્થિર થઈ ગયું હતું.

આ બાબતથી પરિચિત અધિકારીઓએ જણાવ્યું હતું કે, એક વાર પ્રતિબંધો હટાવી લેવામાં આવે પછી ઓવીએલ ગુજરાતના ઓએનજીસીનાં તેલ ક્ષેત્રો જેવાં સ્થળોએથી રિગ અને સાધનોને સાન ક્રિસ્ટોબલ ખસેડી શકે છે, જેનાથી પ્રોડક્શન ફરી શરૂ થઈ શકે છે, જે ઘટીને માત્ર 5,000-10,000 બેરલ પ્રતિ દિવસ થઈ ગયું છે. વધારાના કૂવાઓ અને વધુ સારાં સાધનો સાથે ઓનશોર ફિલ્ડ પ્રતિ દિવસ 80,000-1,00,000 બેરલ પ્રોડક્શન કરી શકે છે.

વેનેઝુએલાના તેલ ક્ષેત્ર પર યુએસ નિયંત્રણથી નિકાસ ફરી શરૂ થઈ શકે છે, જેનાથી ઓવીએલ ભવિષ્યની આવકમાંથી તેના લગભગ 1 અબજ ડોલરનાં બાકી લેણાં વસૂલ કરી શકે છે. ઓવીએલએ અગાઉ 'ચોક્કસ લાઇસન્સ' પ્રતિબંધોમાંથી મુક્તિ માંગી હતી, જે યુએસ ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (ઓએફએસી) દ્વારા શેવરોનને આપવામાં આવી હતી. ટ્રમ્પે કહ્યું છે કે, મોટી અમેરિકન તેલ કંપનીઓ તેના બગડેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવીનીકરણ કરવા માટે વેનેઝુએલા પરત ફરશે. વિશ્લેષકોએ નોંધ્યું છે કે, યુએસને ટેક્નિકલ કુશળતા અને ભારત જેવાં મુખ્ય બજારોમાં પ્રવેશ બંને માટે હજી પણ ઓવીએલ જેવા આંતરરાષ્ટ્રીય ભાગીદારોની જરૂર પડશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, નાયરા એનર્જી, આઈઓસી, એચપીસીએલ-મિત્તલ એનર્જી અને મેંગલોર રિફાઈનરી સહિતની ભારતીય કંપનીઓ વેનેઝુએલાના ભારે ક્રુડ તેલને પ્રક્રિયા કરવા માટે સારી રીતે સજ્જ છે.

ભારત સક્રિયપણે તેના ક્રુડ બાસ્કેટમાં વૈવિધ્યીકરણ કરી રહ્યું છે - માત્ર રશિયન તેલ પર તેની નિર્ભરતા ઘટાડવા માટે જ નહીં, પરંતુ ચાલી રહેલી ભારત-યુએસ વેપાર ચર્ચાઓ વચ્ચે પણ, જ્યાં રશિયન બેરલ પર નિર્ભરતા ઘટાડવી એક મુખ્ય વિષય છે. તે સંદર્ભમાં, જો વેનેઝુએલા પરના પ્રતિબંધો હળવા કરવામાં આવે છે તો વેનેઝુએલાના ક્રૂડ તેલ ભારતીય રિફાઈનર્સ માટે વધારાની સુગમતા પ્રદાન કરી શકે છે અને પુરવઠા-કેન્દ્રીકરણ જોખમોને ઘટાડવામાં મદદ કરી શકે છે. પરંતુ, તે બધું થવા માટે, વેનેઝુએલાનાં લોકોએ શાસનના પરિવર્તનને સ્વીકારવું પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

આપણે માતાપિતાને કેમ ભુલી જઈએ છે?

આજના સમયમાં મોબાઈલ અને ટીવી આપણા જીવનનો અવિભાજ્ય ભાગ બની ગયા છે. સવારે ઉઠતા જ મોબાઈલ, જમતા સમયે મોબાઈલ, સૂતા પહેલાં પણ મોબાઈલ - જાણે આપણે જીવતા માણસો કરતાં નિર્જીવ સ્ક્રીન સાથે વધારે જોડાયેલા થઈ ગયા હોઈએ. દુઃખની વાત એ છે કે આ આદતના કારણે આપણે આપણા નજીકના લોકોને, ખાસ કરીને માતાપિતાને, ભૂલતા જઈ રહ્યા છીએ. આપણે પત્ની અને બાળકો સાથે પણ પૂરતી વાતચીત નથી કરતા, તો માતાપિતાની વાત સાંભળવાની તો વાત જ શું? માતાપિતા કંઈ કહે ત્યારે આપણે મોબાઈલમાં મગ્ન રહીએ છીએ, નજર મળાવવાનું પણ ટાળીએ છીએ. તેમની સલાહ, અનુભવ અને લાગણીઓ આપણને બોજા જેવી લાગે છે. જે ઘરમાં આપણે આરામથી રહીએ છીએ, તે માતાપિતાની વર્ષોની મહેનતનું પરિણામ છે, એ વાત આપણે ભૂલી ગયા છીએ. તેમના ત્યાગ, બલિદાન અને પ્રેમનો ઉલ્લેખ આપણે ક્યારેય નથી કરતા. આશીર્વાદ લેવાનું, દવા-દારોની ચિંતા રાખવાનું, આદરપૂર્વક વાત કરવાનું - આ બધું હવે યાદોમાં જ રહી ગયું છે.